# GUJARAT LEGISLATIVE ASSEMBLY ચૌદમી વિધાનસભા

## कार्यसूची

## ત્રીજું સત્ર

## ૧૮ મી ફેબ્રુઆરી, ૨૦૧૯

**સવારે ૧૧ વાગ્યે**

1. રાજયપાલશ્રી સવારના ૧૧-૦૦ વાગ્યે વિધાનસભાને સંબોધન કરશે. **(રાજયપાલશ્રીનું સંબોધન પૂરું થયા પછી ૧૫ મિનિટના વિરામ બાદ સભાગૃહની બેઠક મળશે.)**

   (1) રાજયપાલશ્રીના સંબોધનની નકલ સભાગૃહના મેજ ઉપર મૂકવી
   **......સચિવશ્રી, ગુજરાત વિધાનસભા**

2. રાજયપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ (રજૂઆત)

3. **શોકદર્શક ઉલ્લેખો:** પુલવામા આતંકી હુમલામાં શહીદ થયેલ જવાનોને શ્રધ્ધાંજલી અને ગુજરાત રાજયના પૂર્વ મંત્રી સ્વ.શ્રી મનોહરસિંહજી પ્રદ્યુમનસિંહજી જાડેજા, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી પ્રવિણસિંહજી ગંભીરસિંહજી ગોહિલ, સ્વ.શ્રી જીતસિંહ સોમસિંહ પરમાર, સ્વ.શ્રી પ્રેમજીભાઈ શિવાભાઈ વડલાણી, સ્વ.શ્રી ભગવાનસિંહજી રાયસિંહજી ચૌહાણ અને સ્વ.શ્રી જયંતીલાલ પરષોત્તમભાઈ ભાનુશાળીના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો.

4. વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો

   (1) ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૪-૨૦૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન **...... માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમાર**

   (2) ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૭-૨૦૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા **......પેટ્રોકેમિકલ્સ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

   (3) ગુજરાત વૃધ્ધિ કેન્દ્ર વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૧૫-૨૦૧૬ અને સન ૨૦૧૬-૨૦૧૭ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદન **.......ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

   (4) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૧૬-૨૦૧૭નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન **.......ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

   (5) ગુજરાત રાજય નાણાકીય નિગમના સન ૨૦૧૭-૨૦૧૮ના વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો પરનો ઓડીટ અહેવાલ **.......ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

   (6) ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડના સન ૨૦૧૬-૨૦૧૭ના વાર્ષિક હિસાબો અને તેના ઉપરના ઓડીટ રીમાર્કસ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન **...... માનનીય રાજયકક્ષાના ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી બચુભાઈ ખાબડ**

   (7) આણંદ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૩-૨૦૧૪નો ઓડિટ અહેવાલ અને તેના ઉપર લેવાયેલ પગલાંનું નિવેદન તથા વાર્ષિક હિસાબ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન **...... માનનીય રાજયકક્ષાના કૃષિ મંત્રીશ્રી જયદ્રથસિંહ પરમાર**

(8) સરદાર કૃષિનગર-દાંતીવાડા યુનિવર્સિટીનો સન ૨૦૧૩-૨૦૧૪નો ઓડિટ અહેવાલ અને તેના ઉપર લેવાયેલ પગલાંનું નિવેદન તથા વાર્ષિક હિસાબ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન **...... માનનીય રાજયકક્ષાના કૃષિ મંત્રીશ્રી જયદ્રથસિંહ પરમાર**

(9) સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેનું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું તા.૨૮-૧-૨૦૧૯ના જાહેરનામા ક્રમાંકઃ જીએચયુ-૨૦૧૯-(૩)-જીયુવી-૧૧૨૦૧૦ -૨૮૬૧-ક (પાર્ટ-૨) **.....માનનીય ઉર્જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

5. **અનુમતિ મળેલાં વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવાં:**
ચૌદમી ગુજરાત વિધાનસભાના પહેલા અને બીજા સત્રોમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી છે તેવા સન ૨૦૧૮ના વિધેયક ક્રમાંક- ૩ અને ૨૪ તથા બીજા સત્રમાં પસાર કરેલાં અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૧૮નાં વિધેયક ક્રમાંક-૩૮, ૩૯, ૪૧, ૪૨ અને ૪૩ વિધાનસભાના મેજ ઉપર મૂકવાં.
**......સચિવશ્રી, ગુજરાત વિધાનસભા**

6. સભ્યશ્રીના રાજીનામા અંગે માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત (નિયમ ૨૬૯)

7. **વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત:**
કામકાજ સલાહકાર સમિતિના ત્રીજા અહેવાલની રજૂઆત.

**......માનનીય અધ્યક્ષશ્રી**

8. **માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ:**
" આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના ત્રીજા અહેવાલ સાથે સંમત થાય. "

9. સરકારી વિધેયકો

(1) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૧૯નું ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (સુધારા) વિધેયક ................... દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજુ વાંચન. **........... માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

(2) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૧૯નું ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ (સુધારા) વિધેયક ................... દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજુ વાંચન. **........... માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

(3) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૩-સન ૨૦૧૯નું ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) વિધેયક ................... દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજુ વાંચન. **.......... માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોર**

(4) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૪-સન ૨૦૧૯નું ગુજરાત ખેત-જમીન ટોચ મર્યાદા (સુધારા) વિધેયક ................... દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજુ વાંચન. **........... માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

ગાંધીનગર-૩૮૨૦૧૦, શ્રી ડી. એમ. પટેલ,

**दिनांक: 21 फरवरी 2019 03:31 PM** **सचिव**

*****************